# સાબરકાંઠા-અરવલ્લીની સરકારી કચેરીઓમાં 'દિવાળી'ની અસર

## કર્મચારીઓની અનિયમીત હાજરીથી અરજદારોમાં રોષ

સાબરકાંઠા-અરવલ્લીમાં દિવાળી વેકેશન પછી સરકારી કચેરીઓ ફરી ધમધમતી થઈ છે પરંતુ કેટલાક વિભાગોમાં હજુ પણ દિવાળીની અસર જણાય છે. અનેક કર્મચારીઓની અનિયમીત હાજરીથી અરજદારોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. આવનારા દિવસોમાં સરકારી બાબુઓની અનિયમીતતા ગાંધીનગરના દરબાર સુધી પહોંચવાની સંભાવના છે.

જિલ્લામાં લેઈટ લતીફ પંકાયેલા સરકારી બાબુઓને સી.સી.ટી.વી. કેમેરા કે બગડેલ થમ્બ મશીનનો કોઈ ડર રહ્યો નથી. સરકારી કચેરીઓમાં જિલ્લા કલેક્ટર, ડી.ડી.ઓ.ની ઓચિંતી મુલાકાત પછી પણ કચેરીના વહીવટમાં ગુણાત્મક સુધાર જોઈએ તેવો જોવા મળ્યો નથી અને દિવાળી વેકેશન પુરૂ થયુ પણ સરકારી કચેરીઓમાં સરકારી બાબુઓ દિવાળી વેકેશનના ખ્વાબમાં રાચતા હોય તેમ સતત અનિયમીત જોવા મળે છે. કચેરીમાં ન આવે તો હાજર હોવાનું જણાવાય છે. કેટલાક કિસ્સામાં ફરજ ઉપર આવા વારા પદ્ધતિનો ઉપયોગ થતો હોવાની લોક ચર્ચા સંભળાય છે. હિંમતનગર-મોડાસાની બહુમાળી ભવન તથા જિલ્લા પંચાયત શાખામાં અમુક કર્મચારીઓ ફરજ બજાવે છે કે અરજદારો છે તેજ અનેક જ્ઞાની પુરૂષોને સમજાતુ નથી. જિલ્લાના વહીવટીય અધિકારીઓએ કચેરીમાં અનિયમીત હાજરીની તપાસ કરાવી યોગ્ય પગલાં ભરાશે તો જ અરજદારોના પ્રશ્નોનો ઝડપથી ઉકેલ આવશે અન્યથા અરજદારોની દિવસે દિવસે હાલાકી વધવાની સંભાવના છે.

### પ્રાથમિક શિક્ષણ સમિતિમાં વધુ અનિયમિતતા

સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિમાં કર્મચારીઓની વધુ અનિયમીતતા છૂપી છુપાય તેમ નથી. કચેરીમાં મોટાભાગે સેવક જ ફોન ઉપાડે છે અને જે તે ટેબલ કારકુનનો સંપર્ક કરતા ટેબલ ઉપર નથી, ચા પીવા ગયા છે, જમવા ગયા છે તેવા અરજદારોને જવાબ મળે છે. જિલ્લા વિકાસ અધિકારી, સાબરકાંઠા દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિની ખાડે ગયેલા વહીવટની સરપ્રાઈઝ ચેકીંગ કરવાનો સમય આવી ગયો છે.

# સાબરકાંઠા-અરવલ્લીની ૫૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થતાં રાજકીય ગરમાવો

## તા. ૧૯ ડિસેમ્બરે મતદાન, તા. ૨૧ ડિસેમ્બરે પરીણામ : બેલેટ પેપરથી મતદાન યોજાશે

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી, તેમજ સરપંચ-વોર્ડની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી તા. ૧૯ ડિસેમ્બરે બેલેટ પેપરથી યોજાશે. જિલ્લાની કુલ ૫૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી વહીવટીતંત્ર માટે લિટમસ ટેસ્ટ સમાન બની રહેશે. ચૂંટણી જાહેર થતાંની સાથે આદર્શ આચાર સંહિતા અમલી બનતાં ૧ મહીના સુધી વિકાસકામો ઉપર બ્રેક વાગશે. જ્યારે બદલી કેમ્પ પણ મુલત્વી રહેશે.

ગામડાઓના ધારાસભ્ય-સાંસદ જેટલી ગરીમા ધરાવતા સરપંચ પદનું અનેક ગણુ મહત્વ છે. અનેક યુવાનો સારા વહીવટથી ગ્રામ પંચાયતોનો સમતોલ વિકાસ કરી અન્ય ગ્રામ પંચાયતોને રાહ ચિંધી રહ્યા છે ત્યારે આગામી તા. ૧૯ ડિસેમ્બરે સાબરકાંઠાથી ૩૨૫, અરવલ્લીની ૨૩૧ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીને મુખ્ય રાજકીય પક્ષોએ વિધાનસભા ચૂંટણી અગાઉની સેમીફાઈનલ ગણાવી છે. તે જોતાં આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણી ભારે રસાકસી અને ગામડામાં વાતાવરણ ડહોળવનારી ચૂંટણી બની રહેવાની ધારણા છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા. ૨૨ નવેમ્બરે ચૂંટણી જાહેર થતાંની સાથે સરપંચ બનવા થનગનતી ઉમેદવારોએ પોતાના ઘરે તથા ગ્રામ સમસ્ત બેઠક બોલાવી પોતાની ઉમેદવારીનો દાવો રજૂ કર્યો છે. ભાજપાના અનેક કાર્યકરો-આગેવાનો ચૂંટણીના મેદાનમાં ઉભી સરપંચ બનવા માટે તૈયાર થયાનું જાણવા મળે છે. તેજ રીતે કોંગ્રેસમાંથી પણ સરપંચ પદના ઉમેદવારોની સંખ્યા વધી શકે છે. જિલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થતાં ભર શિયાળે રાજકીય ગરમાવો અને મોડી રાત્રી સાથે ખાટલા-ઓટલા પરીષદો ચાલશે. ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં મતદાન બેલેટ પેપરથી યોજાશે જેથી મતગણતરી પણ કંટાળાજનક સાબિત થવાની છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં મોટાપાયે દારૂની રેલમછેલ થવાની સંભાવના વધુ છે.

### ભ્રષ્ટ પોલીસને જલસા-દારૂની રેલમછેલ થશે

જિલ્લાની ૫૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થતાં ભ્રષ્ટ પોલીસ માટે ૧ મહીનાની બીજી દિવાળીની ઈનીંગ શરૂ થશે. પંચાયોતની ચૂંટણીમાં મોટાપાયે દારૂની રેલમછેલ થશે. પોલીસ કેટલાક કેસ હાંશિયામાં ધકલે છે ત્યારે ચૂંટણીપંચ દ્વારા દારૂની રેલમછેલ અટકાવવા પોલીસ ઉપર વિશેષ બેચ ગોઠવવામાં આવે તેવું દારૂબંધીની તરફેણ કરતા નિર્દોષ લોકો જણાવી રહ્યા છે.

### ખુદ પોલીસ દારૂની ગોઠવણ કરી આપતી હોવાની લોક ચર્ચા

અરવલ્લીમાં દારૂની હેરાફેરીમાં પોલીસ સંડોવાયાનું જગજાહેર છે. સાબરકાંઠા પોલીસ પણ દારૂની હેરાફેરીમાં સંડોવાયેલી છે. તાજેતરમાં જ ભિલોડા પોલીસ સ્ટેશનની હદમાં દારૂની ખેપ મારવામાં સાબરકાંઠાનો પોલીસ કર્મી ઝડપાયો હતો ત્યારે જિલ્લાની ૫૫૬ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી છે એટલે કરોડોનો દેશી-વિદેશી દારૂની રેલમછેલ થશે. લોકચર્ચા તો એવી જામી છે કે આટલો બધો દારૂ પીવાશે તો પછી પોલીસ જ દારૂની ગોઠવણ કરી આપશે કે શું !!

# અરવલ્લી : પેરોલ ફર્લો ટીમે ૧ વર્ષમાં ૧૦૧ વોન્ટેડ આરોપીઓને દબોચી લીધા, ૪૦૫ ગુન્હાનો એક ઝાટકે નિકાલ, ઉ.ગુજરાતમાં શ્રેષ્ઠ કામગીરી

અરવલ્લી જિલ્લો એ અંતરિયાળ જિલ્લો હોવાથી રાજસ્થાન રાજ્યમાંથી દારૂ સહિત અનેક ગુનાકિય પ્રવૃત્તિઓને અંજામ આપીને આરોપીઓ રાજસ્થાન તરફ ભાગી જતા હાય છે, એટલું જ નહીં આવા આરોપીઓ પૉલિસ પકડમાં ન આવે તે માટે જંગલ કે પહાડી વિસ્તારોમાં છૂપાઈ જતાં હોય છે. આવા આરોપીઓને ઝડપી પાડવા માટે અરવલ્લી જિલ્લા પેરૉલ સ્ક્વૉર્ડની ટીમએ બીડૂ ઝડપ્યું અને મોટી સફળતા મળી છે. અરવલ્લી જિલ્લા પૉલિસ દ્વારા રેંજ આઈ.જી.અભય ચુડાસમાની દેખરેખ હેઠળ આરોપીઓને પકડવામાં વિશેષ ઑપરેશન ચલાવામાં આવ્યું. જિલ્લા પૉલિસ વડા સંજય ખરાતની દેખરેખ હેઠળ જિલ્લાની પેરૉલ ફ્લૉ સ્ક્વૉર્ડનના પીએસઆઈ કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે છેલ્લા એક વર્ષમાં એટલે કે, કૉરોના કાળ પછી ૧૦૧ વૉન્ટેડ આરોપીઓને શોધી કાઢવામાં સફળતા મળી છે.

રાજયના તેમજ આંતર રાજયના કુલ ૪૧૫ ગુનાઓનો નિકાલ કરી પૉલિસે સરાહનિય કામગીરી કરી છે. અરવલ્લી જિલ્લો એ રાજસ્થાન રાજયની સરહદે આવેલ જિલ્લો હોવાથી ચોરી, લૂંટ, ઘરફોડ ચોરી જેવી ઘટનાઓને અંજામ આપીને આરોપીઓ રાજસ્થાન તરફ ભાગી જતા હોય છે, કેટલાક કિસ્સાઓમાં સજા પામેલા આરોપીઓ પણ રાજસ્થાનના અંતરિયાળ વિસ્તારોમાં છૂપાઈ જતાં હોય છે, આવા આરોપીઓને પૉલિસની પેરૉલ ફ્લૉ સ્ક્વૉર્ડની ટીમ જાન જોખમમાં મુકીને જંગલ વિસ્તારોમાં જઈને આરોપીઓને દબોચી લેવામાં ભારે જહેમત ઉઠાવી છે.નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે રેન્જ ટીમ અને જિલ્લા પેરૉલ સ્ક્વૉર્ડ પીએસઆઈ કે. એસ. સિસોદીયા તેમજ તેમની ટીમ દ્વારા વિશેષ ઝૂંબેશ શરૂ કરી હતી, આ માટે અલગ અલગ ટીમ દ્વારા આરોપીઓ સુધી પહોંચવા પૉલિસે ભિક્ષુક જેવા અનેક રૂપો ધારણ કર્યા હતા.

પેરૉલ ટીમ દ્વારા રાજસ્થાન રાજ્યની પર્વતિય વિસ્તારમાં ગાઢ જંગલોમાં જીવના જોખમે આરોપીઓ સુધી પહોંચી પકડવાની કામગીરી કરી હતી. કેટલાક કિસ્સાઓમાં સરકારી વાહન ન જઈ શકે તેવી જગ્યાએ ૪ થી ૫ કિલો મિટર સુધી ચાલીને આરોપીઓ સુધી પહોંચવાના કિસ્સાઓ છે. આરોપીઓને પકડવા માટે કેટલીક વાર પેરૉલ ફ્લૉ સ્ક્વૉર્ડની ટીમને ગાઢ જંગલ વિસ્તારોમાં ઝાડી જાંખરામાં રાત્રિ સુધી વૉચ ગોઠવવી પડી છે.





### વૉન્ટેડ આરોપીઓ સકંજામાં આવ્યા

- ભિલોડાના ડોડિસરામાં વર્ષ ૨૦૨૧માં મર્ડર ગુનાના આરોપી બહાદુર ઉર્ફે રામ ને જેતપુરથી ઝડપ્યો
- ઉત્તર ગુજરામાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, મંદિર ચોરી તેમજ બાઈક ચોરી જેવી ૧૭ ઘટનાઓને અજામ આપનાર તેમજ ભિલોડા પંથકમાં ચપ્પુની અણીએ લૂંટની ઘટનાને અંજામ આપનાર બીજુડા ગેંગના સાગરિત જીતેન્દ્ર ઉર્ફે લાલાને વિછીવાડા તાલુકાના ધામોદ ગામેથી તેના ઘરે ઊંગતો હતો ત્યારે ઝડપી પાડ્યો



- અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઘરફોડ ૧૪ જેટલી ચોરીની ઘટનાને અંજામ આપનાર આરોપી જીવતરામ ઉર્ફે જીવાને ઉદેપુરના ખેરવાડા રાણી રોડ પરથી પૉલિસે પકડી પાડ્યો હતો.
- ધાડ, લૂંટ, ચેઈન સ્નેચિંગ, ઘરફોડ ચોરી, મંદિરમાં ચોરી તેમજ બાઈક ચોરી જેવા કુલ ૩૭ ગુનાના આરોપી વિનોદ ધુલેશ્વર ઉર્ફે ધનેશ્વર ને ડુંગરપુર જિલ્લાના દેવલ ગામેથી પૉલિસે ઝડપ્યો હતો
- અરવલ્લી જિલ્લાના વિવિધ પૉલિસ સ્ટેશન વિસ્તારોમાં કોમ્પ્યુટર ચોરી તેમજ વાહન ચોરીના કુલ ૧૪ ગુનાઓમાં સંડોવાયેલા આરોપી મગનભાઈ ઉર્ફે મગનભાઈ ખાતુભાઈ ખરાડીને મેશ્વો ડેમ નજીકથી ઝડપ્યો હતો.
- રાજ્ય તેમજ આંતરરાજ્યમાં કુલ ૧૧ ગુનાઓમાં સંડોવાયેલા બીજુડા ગેંગના આરોપી ગણેશ બચુલાલ ઢુહાને પકડ્યો
- સાબરકાંઠાના ઈડર પૉલિસ સ્ટેશન વિસ્તારમાં ૧૦ ગુનાઓમાં સંડોવાયેલા આરોપી અમૃતભાઈ ઉર્ફે અમરતભાઈ ચંદુભાઈ બરંડાને ભિલોડા ખાતેથી દબોચી લીધો
- અરવલ્લી, મહેસાણા, ગાંધીનગર તેમજ સાબરકાંઠા જિલ્લામાં ધાડ,લૂંટ, ઘરફોડ ચોરી, મંદરમાં ચોરી તેમજ બાઈક ચોરી જેવા ૧૬ ગુનાના આરોપી નરેશ ઉર્ફે ટેટોને પૉલિસે પકડી પાડવામાં સફળતા મળી
- ગુજરાત રાજ્યના અલગલ અલગ જિલ્લાઓમાં ઘરફોડ ચોરીના આરોપી અને બીજુડા ગેંગના આરોપી દિનેશ નાનુરામને પૉલિસે ડુંગરપુર નજીક દેવલ ગામેથી ઝડપી પાડવમાં સફળતા મળી હતી.

### જિલ્લામાં સૌપ્રથમ ગુજ-સી-ટોકનો આરોપી ઝડપ્યો

અરવલ્લી જિલ્લામાં સૌ પ્રથમ ગુજ-સી-ટૉક ગુનો દીપકભાઈ શીવલાલભાઈ ઓડ સામે નોંધાયો હતો, જે કેટલાક સમયથી ફરાર હતો, જેને પકડવા પૉલિસે વિશેષ ઝૂંબેશ શરૂ કરીને આરોપીને અમદાવાદ મુદામેથી દબોચી લીધો હતો તેમજ ચાર્જશીટ કરવા સુધી મદદમાં રહી ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી.

### પોક્સોના ૧૬ આરોપીઓ સકંજામાં આવ્યા

અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં અપહરણ વીથ પૉક્સોના ગુનામાં આરોપીઓની સંડોવણી હતી, ઘટનાને અંજામ આપીને આરોપીઓ પૉલિસને ચકમો આપીને પલાયન થયા હતા, જોકે, પેરૉલની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવીને કુલ ૧૬ આરોપીઓ ઝડપી પાડી ભોગ બનનાર કુલ ૧૦ વ્યક્તિઓને શોધીવામાં સફળતા મળી છે.

### ૧૦૯ ઘરફોડ ચોરને પકડવામાં સફળતા

ગુજરાત રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં જેવા કે, અરવલ્લી, મહેસાણા, સાબરકાંઠા તેમજ પાટણ જેવા જિલ્લાઓમાં ઘરફોડ ચોરીની ઘટનાઓ ઘટી હતી, જેમાં રાજસ્થાન રાજ્યના આરોપી બચુભાઈ ઉર્ફે બસંતીલાલ મથુરભાઈ ઉર્ફે મથુરાજીની સંડોવણી હતી, જેને પૉલિસે ડુંગરપુર જિલ્લાના વિછીવાડા મુકામેથી ઝડપી પાડી ૧૦૯ જેટલા ઘરફોડ ચોરીના ભેદ ઉકલી દીધા છે.

### સમગ્ર ઉત્તર ગુજરાતમાં પેરૉલ ફ્લૉ સ્ક્વૉર્ડની જબરજસ્ત કામગીરી

અરવલ્લી જિલ્લા પેરૉલ સ્ક્વૉર્ડની ટીમએ માથાભારે ગુંડાઓને ઝડપી પાડીને સરાહની કામગીરી કરી છે, એટલું જ નહીં સમગ્ર ઉત્તર ગુજરાત અને રેંજમાં અરવલ્લી જિલ્લા પેરૉલ સ્ક્વૉર્ડની ટીમએ બીજૂડા ગેંગ, કલાસવા ગેંગ અને ફેકચર ગેંગના સાગરિતોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ ત્રણેય ગેંગ દ્વારા લૂંચ ચોરી, મર્ડર, ધાડ, ઘરફોડ ચોરી જેવી અનેક ઘટનાઓને અંજામ આપવામાં આવતો હતો, જોકે આવા માથાભારે ગેંગના સાગરિતોને પૉલિસે દબોચી જેલભેગા કરવામાં મોટી સફળતા મેળવી છે.

# ઠંડી ગાયબ થતાં ફરી પંખા-એસી ધમધમ્યા

## સાબરકાંઠા-અરવલ્લીમાં રાત્રે ઠંડી - દિવસે ગરમીથી જગતનો તાત ચિંતિત

બાયડ, તા. ૨૩

જિલ્લામાં હવામાન પલ્ટાવ, કમોસમી માવઠુ, વાદળછાયા વાતાવરણના કારણે ઠંડી ફરી ગાયબ થતાં દિવસ-રાત્રી દરમ્યાન ઠંડક આપતા પંખા-એસી. ફરી ધમધમવા લાગ્યં છે. રાત્રે ઠંડી - દિવસે ગરમીના કારણે વહેલું રવીપાકનું વાવેતર કરનારા જગતના તાત ચિંતિત જણાઈ રહ્યા છે.

જગતના તાતનો સંઘર્ષ જાણે કે કુદરતને પસંદ પડ્યો હોય તેમ દર વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં કમોસમી માવઠાંની હાજરી જોવા મળે છે. આ વર્ષે નવેમ્બરના બીજા સપ્તાહથી ઠંડીની જમાવટ થઈ, પ્રજા ગરમ વસ્ત્રોમાં સજ્જ બની, બટાકા, ઘઉં-રાયડા, જીરૂના વાવેતરમાં ઉછાળો આવ્યો અને રાજ્યભર કમોસમી માવઠાનું સંકટ આવતાં જિલ્લાના કેટલાક તાલુકામાં અડધાથી ૩ ઈંચ વરસાદ વરસતાં ખેડૂતો પાયમાલીની કિનારે આવી ગયા. તૈયાર ખેતી પાક, સૂકો ઘાસચારો ભીંજાઈ ગયો અને રવી વાવેતર ઘોંચમાં પડ્યું. ત્યારબાદ ઉનાળો શરૂ થયો હોય તે રીતે પાછલા ૨ દિવસથી બપોર બફારા-ગરમીના કારણે ખેડૂતોને રવિ બિયારણ નિષ્ફળ જવાનો ભય હાવી થયો છે. આજ સ્થિતિ એક સપ્તાહ ચાલશે તો રવી વાવેતર ઘટવાની દહેશત સેવાય છે.

# માતા સાથેના આડા સંબંધના વહેમમાં મોતને ઘાટ ઉતાર્યો

## પુજાપુર મર્ડર કેસમાં પોલીસ દ્વારા સગીરની અટકાયત : કુહાડી સહીત સામગ્રી જપ્ત, હત્યાનો ગુનો કબુલ્યો

બાયડ, તા. ૨૩

બાયડ તાલુકાના પુજાપુર ગામમાં ધો. ૧૧માં અભ્યાસ કરતો સચિન પ્રવીણભાઈ પગીની કરપીણ હત્યાનો ભેદ ઉકેલાયો છે જેમાં હત્યાના આરોપી, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની માતા સાથેના આડા સંબંધના વહેમમાં કાસળ કાઢ્યાનું પોલીસ તપાસમાં બહાર આવતાં બાયડ પોલીસ દ્વારા બાળ આરોપીની અટકાયત કરી જુનેઈવાલ કોર્ટમાં રજૂ કરવાની તજવીજ શરૂ કરી છે.

આડા સંબંધનો અંજામ હંમેશા કરૂણ હોય છે. જિલ્લામાં વર્ષ દરમ્યાન થતી હત્યામાં મોટાભાગે તપાસ દરમ્યાન પ્રેમપ્રકરણ બહાર આવતું હોય છે. દેવ દિવાળીના દિવસે બાયડ તાલુકાના પુજાપુર ગામના સચિન પગીનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતાં ગામમાં સનસનાટી મચી ગઈ હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ બાયડ દોડી આવ્યા અને તપાસ દરમ્યાન જાણવા મળ્યુ કે મૃતક ગામની મહીલાને બનાવની રાત્રે ઝાડી સીમમાં મળવા ગયો તે મહીલાનો સગીર પુત્ર જોઈ જતાં તેને કુહાડીના ઘા ઝીંકી સચીનને યમસદન પહોંચાડી દીધો હતો. પોલીસની આગવી ઢબની પુછપરછમાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે હત્યાનો ગુનો કબુલી લેતા પોલીસ દ્વારા તેની સામે જુનેઈવાલ એક્ટ મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જિલ્લામાં બાળ અપરાધીઓની વધતી સંખ્યા ચિંતાજનક જરૂર છે.

# ઉંઝા ગંગાપુર રોડ પર જુગારધામ પર પોલીસ દરોડા

ઉંઝા, તા. ૨૩

ઉંઝા ખાતે ગંગાપુરા રોડ પર આવેલ તમાકુની ખળીમાં બનાવાયેલ મકાનમાં ચાલતા જુગારધામ પર મહેસાણા એલ.સી.બી.એ દરોડો પાડી સ્થળ પરથી આઠ ઈસમોને પકડી પાડી રોકડ રકમ, વાહનો, મોબાઈલ ફોન, ટી.વી. વગેરે મળી કુલ ૫,૯૨,૫૦૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઉંઝા ખજૂરીપોળ વિસ્તારમાં રહેતા પટેલ બ્રિજેશ જયંતિલાલ ગંગાપુર રોડ પર આવેલ પોતાની તમાકુની ખળીની અંદર બનાવેલ મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના અંગત આર્થિક ફાયદા માટે જુગાર રમતા રમાડતા હોવાની મળેલ બાતમીના આધારે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં પત્તા-પાના વડે હાર-જીતનો જુગાર રમતા નવ ઈસમો ઝડપાઈ ગયા હતા. પોલીસે ૧,૪૨,૦૦૦ની રોકડ રકમ, ચાર વાહનો કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦, દસ મોબાઈલ ફોન કિંમત ૧,૮૯,૫૦૦, ટી.વી. ડી.વી.આર. વગેરે મળી કુલ રૂપિયા ૫,૯૨,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ઉંઝા પોલીસમથકે જુગારધારા મુજબ ગુનો નોંધાવ્યો હતો. પકડાયેલ જુગારીઓમાં બ્રિજેશકુમાર જયંતિલાલ પટેલ, વિષ્ણુભાઈ ઈશ્વરલાલ પટેલ, ચિરાગકુમાર રમેશભાઈ પટેલ, અલ્કેશકુમાર બાબુલાલ પટેલ, આશિષકુમાર મણીલાલ પટેલ, જગદીશભાઈ અંબાલાલ પટેલ, સંજયકુમાર અરવિંદભાઈ પટેલ અને રાકેશકુમાર વિષ્ણુભાઈ પટેલ તમામ રહે. ઉંઝાનો સમાવેશ થાય છે. જ્યારે આમાં પટેલ દેવાંગકુમાર કનુભાઈની પણ સંડોવણી હોવાથી તેમને પકડવાની કાર્યવાહી શરૂ કરાઈ છે.

ઉંઝા હાઈવે પર આવેલ શુકન આર્કેડની દુકાન નં. ૧૭માં બેસતા પટેલ હાર્દિક ઉર્ફે ભાણો અરવિંદભાઈ રહે. ઉંઝા શુકન આર્કેડના પાર્કિંગમાં ટોયોટો કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી મળતીયા માણસ પટેલ ગોવિંદભાઈ ઉર્ફે ગોવો નટુભાઈ રહે. ઠાકરાસણ, સિદ્ધપુરની ભાગીદારીમાં નંબર વગરના જ્યુપીટરમાં દારૂની હેરાફેરી કરી વેચાણ કરતો હોવાની હકિકત આધારે મહેસાણા એલ.સી. બી.એ ઉપરોક્ત બં શખ્સો તેમજ પ્રકાશજી ઉર્ફે મુન્નો બાબુજી ઠાકોર રહે. ઉંઝાવાળાને પકડી કાચની બોટલો નંગ ૧૯, બિયરના ટીમ ૨૪, રોકડ રકમ, મોબાઈલ ફોન, જ્યુપીટર, ટોયોટો કાર મળી કુલ રૂ. ૩૦,૭,૬૦૫ ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
INDO FARM
હવે આપના સાબરકાંઠા તથા ગાંધીનગર જીલ્લામાં ઈન્ડોફાર્મ ટ્રેક્ટરના વેચાણ અંગે શોરૂમ તેમજ સર્વીસ સેન્ટર ખુલી ગયેલ છે.
ઈન્ડો ફાર્મ ભારત ની સર્વપ્રથમ
ઈંધણ બચત-કાર્યક્ષમતા
ટ્રેક્ટર રેંજ ૨૦ થી ૧૧૦ હો.પા.

ઈન્ડોફાર્મ ટ્રેક્ટર ની વિશેષતા
- શક્તિશાળી એન્જીન
- મર્યાદિત ડિઝલ વપરાશ
- પાવર સ્ટીયરીંગ
- મોટા ટાયર (સાઈઝ ૧૪.૯x૨૮)
- એક્સાઈડ બેટરી
- ૧૪૦૦ ક્ષમતા વાળી લિફ્ટ
- ઓઈલ બાથ વાળી બ્રેક સિસ્ટમ
- ડ્રાય એર કલીનર
- ડબલ કલચ
- રિવર્સ પી.ટી.ઓ.
વધુ જાણકારી માટે NG Automotive ના અધિકૃત પ્રતિનીધી નો સંપર્ક કરો
નરેન્દ્રસિંહ રાવ :- ૯૯૦૯૯ ૭૧૪૩૧
NG Automotive (Dealer for Sabarkantha, Aravalli & Gandhinagar) Nr. NG Circle, Mehtapura, Himmatnagar.